# રાજનીતિશાસ્ત્રી / પોલિટિકલ સાયન્ટિસ્ટ

રાજનીતિશાસ્ત્રી (પોલિટિકલ સાયન્ટિસ્ટ) એક એવા નિષ્ણાત છે જે રાજકીય વિચાર-વિમર્શ, સરકારી નીતિઓ, સરકારી પગલાંઓ, દેશો વચ્ચેના આંતરરાષ્ટ્રીય સંબંધો અને સ્થાનિક રાજકીય મુદ્દાઓ વિશે વાંચે છે, સમજે છે અને સંશોધન કરે છે. તેઓ સરકાર દ્વારા નિર્ધારિત વિવિધ નીતિઓ અને રૂપરેખાઓ ઉપર સંશોધન કરે છે. બજેટ, ચૂંટણી અભિયાન, ચૂંટણી ઢંઢેરાનું વિશ્લેષણ કરે છે અને એ બાબત સમજવાનો પ્રયાસ કરે છે કે મતદારો/જનતા આ નીતિઓ, અભિયાનો અને ઢંઢેરા સાથે કેવી જોડાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કુશળ સંવાદકર્તાછો
- તમે ડેટાનું વિશ્લેષણ અને અર્થઘટન કરવાનું પસંદ કરો છો
- તમે સર્જનાત્મક વલણ ધરાવો છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૦૦૦ થી ૮૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. રજનીતિક વિજ્ઞાનમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ તે જ ક્ષેત્રમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી પૂર્ણ કરો અને પછી Ph.D કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

રાજનીતિશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન
રૂ. ૨૫,૦૦૦ થી ૨૫,૦૦,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત:https://www.payscale.com/research/IN/Job=Political_Scientist/Salary

NCS Code: 2633.0600, CCode: SS004

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓ, સામાજિક સંશોધન સંસ્થાઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે સામાન્ય રીતે ઓફિસમાં પૂર્ણ સમય કામ કરશો. તમે અહેવાલોને સમયમર્યાદામાં પૂરા કરવા માટે ક્યારેક વધારાના કલાકો કામ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક પ્રોફેસર → પોલિટિકલ સાયન્ટિસ્ટ → પ્રોફેસર અથવા પોલિટિકલ સાયન્ટિસ્ટ → સલાહકાર → વરિષ્ઠ સલાહકાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પોલિટિકલ સાયન્ટિસ્ટ, પોલિટિકલ સાયન્સ રિસર્ચર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પોલિટિકલ સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જે.એન.યુ.), દિલ્હી
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૩. એમ.એસ.યુ, વડોદરા
૪. જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી, દિલ્હી
૫. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૬. ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશિયલ સાયન્સ, મુંબઈ
૭. ડી.કે.વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૮. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૨. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૩. જી.યુ.એન.આઈ., મહેસાણા
૪. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૫. કે. જે. સોમૈયા કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, મુંબઈ
૬. સિમ્બાયોસિસ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, પુણે
૭. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૮. બનાસ્થલી વિદ્યાપીઠ, જયપુર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અમિતા સિંઘ** એક ભારતીય રાજનીતિક વૈજ્ઞાનિક છે, જે હાલમાં જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, દિલ્હીમાં કાયદા અને પ્રશાસનના પ્રોફેસર તરીકે સેવા આપે છે. તે ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદના સભ્ય પણ છે. સિંઘે ડૉ. ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, આગ્રા, ઉત્તર પ્રદેશમાંથી રાજકીય વિજ્ઞાનમાં પી.એચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. સિંઘ વહીવટ અને પ્રશાસનના સંબંધમાં અનેક સરકારી બોર્ડ અને સમિતિઓમાં પણ સેવા આપે છે. હાલમાં તે યુનિવર્સિટીના સ્પેશિયલ સેન્ટર ફોર ડિઝાસ્ટર રિસર્ચના અધ્યક્ષ છે.*

સ્ત્રોત:https://www.mei.edu/profile/amita-singh

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.